
## હૃદયને ગાતા ગીતો

### જબ જેબ હો ગરમા ગરમ




હોય, કૈસે દુઃખ ઔર કૈસે ગમ, કયોં ના કરે મૌજ હમ
જબ જેબ હો ગરમ, ગરમા ગરમ, ગરમાં ગરમ (2) જેબ હો ગરમ
ઈશ્ક હો પ્યાર હો, ખાંસી હો બુખાર હો
કિસ્મત કી માર હો, જિંદગી સે હાર હો (2)
સબકા હૈ ઈલાજ એક દોલત સે દિલકો સંક
દૂર હો શિકાયતે, મિલે સબ ને મતે(2)
હર નગર હર ડગર,હર ગલી ઔર હર કદમ
અરે, ગરમા ગરમ, ગરમા ગરમ,
ગરમા ગરમ ગરમા ગરમ જેબ હો ગરમ.
બદલ ગઈ અબ ચાલ બાબુ, જેબ મેં હૈ માલ બાબુ (2)
આજ મવાલી કે ગાને કી બદલ ગઈ સુર તાલ બાબુ (2)
બોલ બદલ ગયે, તાન બદલ ગઈ,બદલ ગઈ સરગમ
અપની જેબ હૈ ગરમ(4)
અરે ગરમા ગરમ ગરમા ગરમ,
ગરમા ગરમ ગરમા ગરમ ,જેબ હો ગરમ
ભાઈ કહે યે ભાઈ મેરા, બહન કહે યે ભૈયા મેરા (2)
હો જબ જેબ ગરમ, લાલા જેબ ગરમ,
યાર કહે યે યાર મેરા, દોસ્ત કહે યે દોસ્ત મેરા (2)
હો જબ જેબ ગરમ, ઓ બાબુ ગરમા ગરમ
લેકિન યે કહેતે હે હમ જબ જેબ હોનરમ તો હાલ નરમ
કિસી ચલતે હુએ મુર્દે સે કમ નહીં હમ
અરે, ગરમા ગરમ ગરમા ગરમ ,
ગરમા ગરમ ગરમા ગરમ જેબ હો ગરમ

**ગીત :** પ્યારેલાલ સંતોષી **સ્વર:** મોહમ્મદ રફી **સંગીત:** વિનોદ **ફિલ્મ :** ગરમા ગરમ **દિગ્દર્શક :** પ્યારેલાલ સંતોષી **વર્ષ :** 1957 **કળાકારો :** આગા નાદિરા, ઓમ પ્રકાશ, મા ભગવાન, કિષ્નાકુમારી, ગોપ. બી. એમ. વ્યાસ.

પ્યારેલાલ સંતોષી આપણા એક ઉત્તમ ગીતકાર હતા અને દિગ્દર્શક તો હતા જ. 1937માં તેઓ જદ્દનબાઈ (નરગીસના મા) નાં અંગત મદદનીશ હતા અને તેમની ‘મોતી કા હાર’ ફિલ્મમાં નાની ભૂમિકા કરવા ઉપરાંત ગીત પણ લખેલા. જદ્દનબાઈની જ ‘જીવન સપના’માં ચાર ગીત લખ્યા પછી રણજીત મુવીટોનમાં જોડાયા અને 1941 સુધીમાં તેમની 19 ફિલ્મો માટે ગીતો લખ્યા. 1946માં પ્રભાત પિક્ચર્સની ‘હમ એક હૈ’થી તેઓ દિગ્દર્શક થયા જેમાં દેવઆનંદ-રેહાના પ્રથમવાર પરદા પર દેખાયા. પ્યારેલાલ લગભગ 79 ફિલ્મો માટે ગીતો લખ્યા. (તે ઓ સંવાદલેખક પણ હતા ) ‘શહેનાઈ’ ‘સરગમ’ ‘હમ પંછી એક ડાલ કે’ ‘બરસાત કી રાત’ ઓપેરા હાઉસ, ‘દિલ હી તો હૈ’ ના દિગ્દર્શર સંતોષી છે. પણ એ જમાનો હાસ્ય વ્યંગ્ય સભર ગીતો લખવામાં તેઓ અવ્વલહતા. સી.રામચન્દ્ર સાથે તેમણે જોડી જમાવેલી ‘આના મેરી જાન સન્ડે કે સન્ડે’ (શહેનાઈ) ‘મેરી ગલીનું આઓ જો સુરતવાલા તે પિયા (નમૂના), મે હું એક ખલાસી મેરા નામ હે ભીમ પલાસી! સંતોષી રહેનાના પ્યારમાં પાગલ હતા. એ તે જયારે તેમને છેતરીને 50 હજારના (1951) ઘરેણા લઈને ચાલી ગઈ તો ગીત લખેલું ‘તુમ ક્યા જાનો તુમ્હારી યાદ મેં હમ કિતના રોયે ચૈન બિતાઈ તારે ગિન ગિન ચૈન સે જબ તુમ સોયે, હમ કિતના રોયે. સંતોષી એ જ ‘માર કટારી મર જાના કી અંખિયા કિસીસે મિલાના’ ગીત લખ્યું છે.

આ ગીત સંગીતકાર વિનોદ માટે લખાયું છે. પૈસો હોય તો બધુ છે. તેન હોય તો ફીકા પડી જવાય. બસ તેનો મહિમા આ ગીતમાં છે. ‘હોય... કૈસ દુઃખ ઔર કૈસી ગમ, કયોં ન કરે મૌજ હમ જબ જેબ હો ગરમ, ગરમા ગરમ, ગરમા ગરમ..... હોય... (તમે તે ‘ઓય’ તરીકે પણ લઈ શંકા) થી શરૂઆત કરે છે કે ઓ? (લ્યા સાંભળ) કેવા દુઃખ અને કેવા ગમ (રહેવા દે એ બધું) શું કામ ન કરીએ મૌજ આપણે. જો ખિસ્સુ ગરમ હોય, ગરમા ગરમ હોય તો બીજુ બધુ છોડી દેવાનું ને મૌજ કરવાની. શરૂઆત આ પંકિત કરે છે ને પછી કહે છે કે ઈશ્ક-બિશ્ક જેવુ હોય, પ્યાર-બ્યાર હો કે ખાંસી કે તાવ હોય, કિસ્મતે ઝાપટ લગાવી હો કે જિંદગીથી હારી ગયા હો. આ બધાનો એક જ ઈલાજ છે કે દૌલતથી તારા હૃદયને શકે. દૌલતથી હૃદયને શેકશે તો બધી ફરિયાદ દૂર થશે અને બધી કૃપા થશે અરે તું ચિંતા જ ન કરે કોઈ પણ નગર હોય કે કોઈ પણ ડગર હોય, દરેક ગલીને દરેક ડગલે તારે ચિંતા જ નહીં કરવાની અરે, ગરમા ગરમ, ગરમ, ગરમા, ગરમ, ગરમા ગરમ, જેબ હો ગરમ’

પૈસા આવે ને તો લોકોના મિજાજ જ બદલાઈ જાય, ચાલ જ બદલાઈ જાય, ‘બદલ ગઈ અબ ચાલ બાબુ, જેબ મેં હૈ માલ બાબુ, આજ મવાલી કે ગાને કી બદલ ગઈ સૂર તાલ બાબુ, બોલ બદલ ગયે, તાન બદલ ગઈ, બદલ ગઈ સરગમ, સ... રે નિ...સ...ગમ... પા... તિ...લા.... પૈસા હોય ને તો ચાલ જ બદલાઈ દાય. અરે સાવ મવાલી હોય તેના ગાવાના સૂર -તાલને બોલ-તાન બદલાઈ જાય.. મિજાજથી બીજી તરફ જોઈ તે કહેશે. ‘અપની જેબ હૈ ગરમ. અરે ગરમા ગરમા ગરમા ગરમ દુઃખ વાળી હવે કેવા? શું કામ મૌજ ન કરીએ!

પૈસા આવેને તો માન પાછું આવે,આપણને કોઈ બોલાવતું ન હોય તો તે પણ બોલાવવા માંડે, ભાઈ કહે કે આ મારો ભાઈ છે. બહેન પણ કહેવા લાગે કે આ મારો ભૈયો છે. યાર પણ કહેવા માંડે કે આ અપુનકા દોસ્ત હૈ....બસ (ખિસ્સા ગરમ હોવા જોઈએ.. ગરમા ગરમ, ગરમા ગરમ.

પણ પૈસા વિનાના હોય તો ? ‘લેકિન યે કહેતે હૈ હમ જબ જેબ હો નરમ તો હાલ નરમ, કિસી ચલતે હુએ મુર્દે સે કમ નહીં હમ...’ પણ અમે કહીએ છીએ કે જયારે ખિસ્સુ નરમ હોય તો હાલ પણ નરમ હોય, દશા પણ નરમ હોય, જાણે કોઈ ચાલતા મડદાથી ઓછા ન હોઈએ, એટલે ખિસ્સું તો ગરમ જ જોઈએ. ‘અરે ગરમા ગરમ ગરમા ગરમ, ગરમા ગરમ, ગરમા, ગરમ જેબ હો ગરમ....’

બહુ હળવાથી મસ્તી ભરી રીતે પૈસા હોવાનો મહિમા સમજાવી દેવાયો છે. ફિલ્મનું નામ પણ ‘ગરમા ગરમ’ જ હતું તો પછી ગીત પણ શું કામ નરમ હો? અરે ગરમા, ગરમ, ગરમા ગરમ....! ●

# દીકરી, બહેન, પુત્રવધુ, મા... પણ
# તનુજાની પહેલી ઓળખ અભિનેત્રીની જ

કેટલીક કુટુંબકથાઓ જાણીએ તો મનમાં ઘંટડી ઝણકી ઉઠે. શોભના સમર્થ જ્યારે ‘નિગાહેં નફરત’ નાની 1935માં પહેલીવાર હિન્દી ફિલ્મમાં આવી ત્યારે તે કદાચ જાણતી ન હશે કે તેની બંને દિકરીઓ તેનાથી પણ વધુ નામ કમાશે. નૂતન અને તનુજા બંનેએ તેમની માના નામને આગળ વધાર્યું. શોભના સમર્થ દિગ્દર્શક અને સિનેમેટોગ્રાફર કુમારસેન સમર્થને પરણેલી એટલે સમર્થ અટક ધારણ કરેલી જોકે તેનું નામ તો સરોજ શીલોત્રી હતું. એ શોભના સમર્થની માનું નામ રતન બાઈ હતું અને તે ગાયિકા-અભિનેત્રી હતી અને એ રતનબાઈની મા નીરાબાઈ મૂળ સિંધુદુર્ગની હતી અને મંદિરોમાં ભજન, અભંગ ગાવા માટે જાણીતી હતી. રતનબાઈએ મરાઠી ફિલ્મ ‘સ્વરાજ્ય ચા સીમેવર’માં શિવાજી છત્રપતિની માની ભૂમિકા ભજવેલી. તે ‘યહુદી કી લડકી’ અને ‘રાજરાની મીરાથી માંડી 1945ની ‘શ્રીકૃષ્ણ અર્જુન યોધ્ધા’ સુધીની 19 ફિલ્મોમાં કામ કરી ચૂકી હતી. રતનબાઈની દિકરી શોભના તેનાથી વધુ મશહુર થઈ અને 1935થી 1985 સુધી ફિલ્મોમાં કામ કરતી રહી. તેણે બે ફિલ્મો ‘હમારી બેટી’ અને ‘છબીલી’નું દિગ્દર્શન પણ કર્યું. 1960ની ‘છબીલી’માં નૂતન અને તનુજા’’ બંને હતી અને કે.એન.સીંઘ હતા. શોભના સમર્થને ત્રણ દિકરી-નૂતન, તનુજા અને ચતુરા. એક દિકરો જયદીપ શોભના સમર્થને મોતીલાલ અને કે.એન. સીંઘ સાથે ઘનિષ્ઠ સંબંધ રહ્યા અને ફિલ્મજગતનાં જાણકારોની ગપશપમાં કહેવાય છે કે શોભના- મોતીલાલ સંબંધથી નૂતન અને શોભા કે.એન.સીંઘ સંબંધથી તનુજા જન્મી હતી. હશે પણ નૂતન-તનુજા બંને બહુ મોટી એકટ્રેસ

1961ની ‘હમારી યાદ આયેગી’ તેની હીરોઈન તરીકેની પ્રથમ ફિલ્મ બની જેના દિગ્દર્શક કેદાર શર્મા હતા. જે રાજકપૂર, મધુબાલા, ગીતાબાલીને પ્રથમવાર ફિલ્મોમાં લાવવા માટે જાણીતા બની ચૂક્યા હતા. નૂતન રજનીશ બહલને પરણી નૂતન બહલ થઈ ગઈ તો તનુજા શશધર મુખરજીના પુત્ર સોમુ મુખરજીને પરણી તનુજા મુખરજી થઈ. જોકે લોકોના મનમાં નૂતન હંમેશ નૂતન તેમ તનુજા આજે પણ તનુજા છે. તનુજા હવે કાજોલ જેવી અભિનેત્રીની મા અને અજય દેવગણ જેવા જમાયના સાસુ તરીકે ઓળખાય છે. પણ તે તો સગપણોની વાત થઈ, તનુજાની ઓળખ અભિનેત્રીની છે ને એજ રહેવી જોઈએ.

નૂતન શ્રેષ્ઠ અભિનેત્રી કે તનુજા એવી તુલના કરવી યોગ્ય નથી. બંનનેની સ્ટાઈલ જૂદી રહી છે અને બંનેની ફિલ્મોની પસંદગી અને કારકિર્દીનો પૂર્વાધ સમય પણ જૂદો રહ્યો છે. નૂતનને રાજકપૂર, દેવઆનંદ, અશોકકુમાર, બલરાજ સાહની, સુનીલદત્ત, સંજીવકુમારથી માંડી અમિતાભ બચ્ચન સાથે કામ કરવાનું બન્યું. તનુજાએ રાજકપૂર સાથે કામ નથી કર્યું પણ દેવઆનંદની હીરોઈન બની છે. સંજીવકુમાર અમિતાભ બચ્ચન, રાજેશ ખન્નાથી હીરોઈન બની છે. નૂતન તેની ‘સીમા’, ‘પેઈંગ ગેસ્ટ’, ‘દિલ્લી કાઠગ’,






તનુજાએ હીરોઈન તરીકે કારકિર્દી શરૂ કરી તે પહેલાં નૂતન તો ખૂબ પ્રતિષ્ઠિત થઈ ચૂકી હતી. ઘણીવાર ઉંમરમા નાના હોવાને કારણે મોડી કારકિર્દી શરૂ થાય અને મોટી બહેન મોટું નામ કમાય ચૂકી હોય તો લોકો તરત પેલી મોટીબહેનને નાનીને માપવાનો માપદંડ બનાવી દે. નૂતન માટે મા શોભના સમર્થ માપદંડ હતી પણ તે બહુ વહેલી તેમાંથી બહાર આવી સ્વયં માપદંડ બની ગયેલી. નૂતને 14માં વર્ષે મા શોભના સમર્થનાં દિગ્દર્શનમાં બનેલી ‘હમારી બેટી’ થી શરૂઆત કરેલી અને ‘નગીના’માં નાસીર ખાનની હીરોઈન તરીકે શરૂઆત કરેલી. એ ફિલ્મના દિગ્દર્શક આપણા રવીન્દ્ર દવે હતા અને નિર્માતા દલસુખ પંચોલી પણ ગુજરાતી હતા. નૂતનને પ્રેમ પણ ગુજરાતી સંજીવકુમાર સાથે થયેલો. તો તનુજાની પ્રથમ ફિલ્મ પણ ‘હમારી બેટી’ હતી અને પછી ‘છબીલી’માં કામ કર્યું પણ

‘અનાડી’, ‘કનૈયા’, ‘સુજાતા’, ‘છલિયા’, ‘બંદિની’, ‘દિલ હી તો હૈ’, ‘તેરે ઘર કે સામને, ‘ખાનદાન’ ‘દિલને ફિર યાદ કિયા’, ‘દુલ્હન એક રાત કી’, ‘મિલન’, ‘સરસ્વતીચન્દ્ર’, ‘અનુરાગ’, ‘સૌદાગર’, ‘મે તુલસી તેરે આંગનકી’, ‘સાજન બિના સુહાગન’, ‘સાજન કી સહેલી’, ‘કર્મા, ‘નામ’ માટે યાદોમાં વસી ગયા છે. તો તનુજાને યાદ કરવા માટે ‘બેનઝીર’, ‘ભૂત બંગલા’ ‘બહારે ફિર ભી આયેગી’, ‘જ્વેલથીફ’, ‘દો દૂની ચાર’, ‘જીને કી રાહ’, ‘પવિત્ર પાપી’, ‘પ્યાર કી કહાની’, ‘હાથી મેરે સાથી’, ‘દૂર કા રાહી’, ‘અનુભવ’, ‘મેરે જીવન સાથી’, ‘દો ચોર’, ‘ઈમ્તિહાન’, ‘હમરાહી’, ‘યારાના’ જેવી ફિલ્મો છે. જેમ રતનભાઈ શોભના સમર્થ, નૂતને મરાઠી ફિલ્મમાં કામ કર્યું તેમ તનુજાએ કર્યું અને 2013માં પિતૃઋણ’માં કામ કરી સન્માન પણ પામી. એ ફિલ્મ ‘મહાભારત’ ટી.વી. સિરીયલથી જાણીતા બનેલા કૃષ્ણ નિતીશ ભારદ્વાજના દિગ્દર્શનમાં બનેલી. તનુજા બે વર્ષ પહેલા ‘મોર્ડન લવઃ મુંબઈ’માં દેખાયેલી. નવી પેઢીના પ્રતિક ગાંધી, ફાતિમા સના શેખ સુધી તેઓ કામ કરે તે આપણા માટે ગૌરવપ્રદ ગણાય. તનુજા રાજકપૂરની હીરોઈન નહોતી બની પણ રાજકપૂરના દિગ્દર્શનમાં ‘પ્રેમરોગ’માં કામ કર્યું છે. ‘પ્યાર કી કહાની’માં તે અમિતાભની હીરોઈન હતી અને ‘ખુદ્દાર’માં ભાભી હતી. રાજેશ ખન્ના સાથેની ‘હાથી મેરે સાથી’, ‘મેરે જીવન સાથી’ ખૂબ જ સફળ રહે તો જીતેન્દ્ર સાથે, ધર્મેન્દ્ર સાથે પણ તે સફળ જ રહી છે. સંજીવકુમાર સાથેની ‘અનુભવ’ એક યાદગાર ફિલ્મ છે. તનુજાએ તો ઉત્તમકુમારની હીરોઈન તરીકે બંગાળી ફિલ્મ ‘દેવા ને યામાં અને પછી સૌમિત્ર ચેટરજી સાથે ‘તીન ભુવનેર પારે’, પ્રથોન કદમ ફૂલ’માં ય કામ કર્યું છે. તનુજા આમ બહુ ચુલબુલી અભિનેત્રી પણ ગંભીર ભૂમિકામાં તે એટલી ગંભીર બની હતી કે કોઈ બીજી જ તનુજા લાગતી.

**વો જબ યાદ આયે**

તનુજા શશધર મુખરજી જેવા નિર્માતા-દિગ્દર્શકના પરિવારમાં પરણી જેમાં જોય મુખરજી જેવા અભિનેતા તેના જેઠ હતા. શશધર મુખરજીના સાળા અશોકકુમાર, કિશોરકુમાર એટલે તે બંને તનુજાના મામા સસરા થાય. આજે જે અયન મુખરજી નામનો દિગ્દર્શક છે તે સોમુ મુખરજીથી મોટા દેવ મુખરજીનો દિકરો છે. એ દેવ મુખરજીની દિકરી સુનિતા દિગ્દર્શક આશુતોષ ગોવારીકરને પરણેલી છે. તનુજાના સૌથી મોટા જેઠ રામ મુખરજી પણ ‘હમ હિન્દુસ્તાની’, ‘લીડર’, ‘એક બાર મુસ્કુરા દો’ જેવી ફિલ્મોના દિગ્દર્શક હતા. તનુજાના સસરા શશધર મુખરજીના નાનાભાઈ સુબોધ મુખરજી ‘મુનીમજી’, ‘પેઈંગ ગેસ્ટ’, ‘લવમેરેજ’, જંગલી’, ‘એપ્રિલ ફૂલ’, ‘શાગિર્દ’, ‘અભિનેત્રી જેવી ફિલ્મોના દિગ્દર્શક હતા. તનુજા માતૃપક્ષે પણ અનેક કલાકારોના સગપણમાં છે તો લગ્ન પછી અનેક સગપણોથી જોડાયેલી છે. તનુજાની જન્મતારીખ 23 સપ્ટેમ્બર છે. આ 23મીએ તેઓ 81 વર્ષનાં થશે. ●

# ‘મધુમતી’ : ‘સ્ત્રી’
# પહેલાંની હોરર હિટ ફિલ્મ




મૃત્યુ પછી કોઈ જીવન નથી, જીવન નથી ત્યાં મૃત્યું છે. અને આમ છતાં મૃત્યુ પછી આત્મા પાછો ફરે એવી કથા આપણને ગમે છે. ‘મહલ’ ફિલ્મની રહસ્યાત્મક એ કારણે આપણને બાંધે છે. મધુબાલા છે અને મધુર સંગીત છે. એટલે એ પાછા ફરેલા આત્મા આપણા આત્મના રસ તરબોળ કરે છે. ‘મહલ’ ફિલ્મે આ પ્રકારની ફિલ્મનાં સ્ટેન્ડર્ડ બનાવી આપ્યા. જે પાછો ફરે તે આત્મા ખૂબસૂરત સ્ત્રીનો હોય એ ફરી ફરી સાંભળવું ગમે એવું સંગીત હોય. બિમલ રોયે ‘મધુમતી’માં એ જ કરેલું. ‘મહલ’ નામમાં જે ‘મ’ છે તે ‘મધુમતી’માં છે તે ‘મહલ’માં જે મધુબાલા છે તે પણ ‘મધુમતી’માં છે. ‘મહલ’માં જે મધુબાલા છે તે પણ ‘મધુમતી’ છે. ‘મહલ’માં અશોકકુમાર હતા જ્યારે ‘મધુમતી’માં વૈજયંતીમાલા સાથે દિલીપકુમાર છે. બિમલ રોયે 1955માં દિલીપકુમાર-વૈજયંતીમાલા, સુચિત્રા સેન સાથે ‘દેવદાસ’ બનાવી અને પછી તરત જ ફિલ્મ બનાવી તે ‘મધુમતી’ અને તેમાં પણ દિલીપકુમાર-વૈજયંતી માલા છે. ‘મધુમતી’ના વર્ષે જ બિમલરોય, દિગ્દર્શીત ‘યહુદી’ રજૂ થયેલી તેમાં પણ દિલીપકુમાર છે એક સાથે ત્રણ ત્રણ ફિલમમાં તેણે દિલીપકુમાર ને લીધા હતા.

‘મધુમતી’ ઋત્વિક ઘટક જેવા દિગ્દર્શકની કથા -પટકથા ધરાવે છે. એ ઋત્વિક ઘટક કે જે પછી ‘અજાત્રિક’ ‘કોમલ ગાંધાર’ તિતાશ એકલી ન દીર નામ’ અને ‘સુવર્ણલેખા’ જેવી ફિલ્મોના દિગ્દર્શનથી વિશ્વભરમાં સન્માન પામ્યો. આ ઋત્વિક ઘટકે નાટકના લેખન-દિગ્દર્શનથી શરૂઆત કરેલી અને તેમણે પુનર્જન્મ જેવા વિષયને કેન્દ્રમાં રાખી બિમલ રોય માટે ‘મધુમતી લખેલી. ‘દેવદાસ’ ‘બંદિની’ ‘સુજાતા’ના દિગ્દર્શક બિમલ રોયની આ ફિલ્મ ખરેખર બહુ જુદી અને મ્યુઝિકલ બની છે ફિલ્મનાં લેખનમાં રાજેન્દ્રસિં બેદી પણ હતા એટલે ફિલ્મ પુર્નજન્મની કોઈ સામાન્ય ફિલ્મ બને એવી પણ ન હતી. બિમલદા હોય તો જેવી બને તેવી જ બની. ફિલ્મનું ફિલ્માંકન પણ રાનીખેત, ઘોડાખાલ, વૈતરણા ડેમ પર કરાયેલું. ગીત શૈલન્દ્રજીએ લખેલા અને ‘દો બીધાં જમીન’ ના સંગીતકાર સલીલ ચૌધરી ફરી હાજર હતા. કથાનિક એવું હતું કે એક તોફાની રાતે એન્જિનીયર દેવેન્દ્ર (દિલીપકુમાર) તેના મિત્ર સાથે રેલવે સ્ટેશન પર ઊતરે છે. અને પોતાની પત્ની અને સંતાને લેવા પહાડી રસ્તે નીચે ઉતરી રહ્યો છે. પણ વચ્ચે ભુસ્ખલન થતાં આગળ વધી શકાય તેમ નથી એટલે ના છૂટકે એક પુરાણી હવેલીમાં આશરો લે છે. હવેલીમાં પ્રવેશતા જ દેવેન્દ્રને લાગે છે કે આ હવેલીમાં તે પહેલાં પણ આવ્યો છે અને હવેલીને જાણે છે. દિવાલ પર એક વ્યકિતનું ચિત્ર જુઓ છે જેને તે ઓળખે છે દેવેન્દ્ર તેના એક બીજા જીવનમાં ચાલી જાય છે. અને હવેલીની બહાર તોફાન ચાલી રહ્યું છે.

દેવેન્દ્ર તેના વિત્યા જીવનમાં આનંદ (દિલીપકુમાર) છે જે શ્યામનગરના ટિમ્બર એસ્ટેટનો મેનેજર છે. જયારે ફુરસદમાં હોય ત્યારે પહાડોમાં ફરવા નીકળી જાય છે. અને એ દરમ્યાન તેને મધુમતી (વૈજયંતીમાલા ) નામની એક કુમાઉની આદિવાસી યુવતી સાથે પ્રેમ થઈ જાય છે. એ યુવતી જે ગીત ગાય તેણે દૂરથી સાંભળ્યું છે. (આ રે પરદેસી, મેં તો કબસે ખડી ઈસપાર, અંખિયા થક ગઈ પથ નિહાર) આનંદ એસ્ટેટમાં કામ કરે છે ત્યાં રાજા ઉગ્ર નારાયણ (પ્રાણ) નું ચાલે છે. જે ભારે નિર્દયી ને અભિમાની છે. પણ આનંદ બીજાની જેમ તેની સામે ઝૂકે તેવો નથી એટલે ઉગ્ર નારાયણ તેની પર ધુઆપુઆં થઈ જાય છે. છે તે મધુમતીને ગાયબ કરી દે છે. આનંદને ખબર પડે છે ને ત્યાં પહોંચી ટક્કર લે છે તો ઉગ્રનારાયણનાં માણસો તેને એટલો મારે છે કે તે બેહોશ થઈ જાય છે. આનંદના બેશુદ્ધ શરીરને તેઓ મહેલ બહાર લઈ જતા હોય છે ત્યારે સામે મધુમતીનાં પિતા (જયંત) મળે છે જે તેની દિકરીનું મૃત્યુ રોકવા લડે છે તે લડાઈમાં તો જીતે પણ પછી સડક પર તેનું મૃત્યુ થઈ જાય છે. આનંદ તો બચી જાય છે પણ તેનું મન ભટકતું રહે છે એને એક દિવસ તેની મુલાકાત એક યુવતી સાથે થાય છે. જે બિલકુલ મધુમતી જેવી દેખાય છે. જે પોતાને માધવી (વૈજયંતીમાલા) તરીકે ઓળખાવે છે પણ આનંદને તેની પર વિશ્વાસ નથી થતો. પછી માધવીને મધુમતીનું ચિત્ર મળે છે. ત્યારે સમજે છે કે આનંદ સાચુ બોલતો હતો. હવે તે મધુમતીને જાણવાનો પ્રયત્ન કરે છે પણ આ વચ્ચે મધુમતીની આત્મા આનંદને કહે છે કે તેના મૃત્યુ ઉગ્ર નારાયણે નિપજાવ્યું છે તે માધવીને કહે છે કે ઉગ્રનારાયણ સામે તું મધુમતી બનીને જા અને મધુમતી (પોતાની ) હત્યાની વાત કબૂલ કરાવ. માધવી આવી મદદ કરવા તૈયાર થઈ જાય છે. યોજના મુજબ તે ઉગ્રનારાયણ પાસે જાય છે તો ઉગ્રનારાયણ ગભરાય જાય છે. અને મધુમતીની હત્યા પોતે જ કરેલી તે કબૂલી લે છે. પોલીસ બહાર જ ઉભી છે એટલે તેની ધરપકડ કરે છે પણ આનંદને ખબર પડી જયા છે કે જે હતી તે માધવી નહીં બલ્કે મધુમતીનું જ ભૂત હતું.

**મુવી ટાઇમ**

હવેલીમાં આ બધું યાદ કરી રરહેલા દેવેન્દ્રને ખબર પડે છે કે જે ટ્રેનમાં તેની પત્ની બેઠી છે. તેને અકસ્માત નડયો છે. તે સ્ટેશન તરફ દોડે છે. ત્યાં તે તેની પત્ની રાધા (વૈજયંતીમાલા)ને સલામત રીતે બહાર નીકળતી જોઈ હાશ કરે છે. રાધા મધુમતીનો જ પુનર્જન્મ છે. દેવેન્દ્ર તમે કહે છે કે આપણે જન્મોના સાથી છે. આ ફિલ્મ પ્રણયકથા પણ છે તે ભૂત-રહસ્યકથા પણ છે ‘દિલ તડપ તડપ કે કહ રહા’ (મુકેશ-લતા) ‘સુહાના સફર ઔર યે મૌસમ હસી‘ (મુકેશ) આજા રે પરદેશી (લતા મંગેશકર) ‘ચઢ ગયો પાપી બિછુઆ (લતા મંગેશકર) ઘડી ઘડી મેરા દિલ ઘડકે (લતા) ટૂટે હુએ ખ્વાબોને (રફી) જુલ્સી સંગ આંખ લડી (લતા) હમ હાલએ દિલ સુનાયેંગે (મુબારક બેગમ) કાંચા લે કાંચી લાઈ બાજો (આશા ભોંસલે) સવિતા ચૌધરી, ગુલામ મૌહમ્મદ) તન જેલે મન જલતા રહે (દ્વિવર્જન મુખોપાધ્યાય) અને જંગલને મોર નયા (રફી) સહિતના 11 ગીતો ફિલ્મને સફળ થવાથી કોઈ રોકી શકે તેમ નહોતું. 12 સપ્ટેમ્બર 1958માં તે રજૂ થઈને ખૂબ સફળ ગઈ. છઠ્ઠા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં તે હિન્દીની, સર્વશ્રેષ્ઠ કથા ફિલ્મનો એવોર્ડ મેળવી શકેલી. બિમલ રોયને દિગ્દર્શન સહિતના ત્રણ પુરસ્કાર મળેલા. 9 જેટલા ફિલ્મફેર પુસ્કાર મળેલા. 1958માં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ ‘મધુમતી’ હતી બાકી તે વર્ષે ‘ચલતીકા નામ ગાડી’ ‘યહુદી’ ‘ફિર સુબહ અગ્નિ’ ‘સાધના’ ‘ફાગુન’ ‘પરવરિશ’ ‘કાલાપાની’ ‘હાવરાબ્રિજ’ અને ‘દિલ્લીકા ઢંગ’ જે ક્રમમાં અહી લખી છે એ ક્રમમાં જ સફળ રહેલી. એ વર્ષે ‘અદાલત’ ‘ જેલર’ ‘ખજાનચી્ર ‘લાજવંતી’ સમ્રાટ ‘ચન્દ્રગૃપ્ત’ ‘જેલર’ ‘ખજાનચી’ ‘લાજવંતી’ ‘સમ્રાટ ચન્દ્રગૃપ્ત’ સહિત ઘણી ફિલ્મો રજૂ થયેલી.

‘મધુમતી’ આજે પણ લોકપ્રિય ફિલ્મ છે. દિલીપકુમાર, વૈજયંતીમાલા ઉપરાંત જોની વોકર, પ્રાણ, જયંત તિવારી, મિશ્રા, તરૂણબોઝ પણ આ ફિલ્મની સ્મૃતિ સાથે જોડાયેલા છે. એ ફિલ્મ છે જે યાદગાર, ન જોઈ હોય તો જુઓ ને જોઈ હોય તો ફરી જુઓ. ●